પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૩૩ | ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯, ગુરૂવાર; મહા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**અશ્વિની લોહાની એર ઈન્ડિયાના ચેરમેન**

રેલવે બોર્ડના અધ્યક્ષપદેથી રીટાયર થયેલા અશ્વિની લોહાનીને એર ઈન્ડિયાના ચેરમેનપદે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ ૩૧ ડિસેમ્બરે રેલવે બોર્ડના અધ્યક્ષપદેથી રીટાયર થયા હતા. નિવૃતિ બાદ તેઓ રાજકારણમાં જોડાશે તેવી અટકળો વહેતી થઈ હતી.

**પુલવામાની સ્કૂલમાં ધડાકો : ૧૨ ઘાયલ**

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં એક સ્કૂલમાં જોરદાર ધડાકો થયો છે. આ વિસ્ફોટમાં ૧૨ જેટલા વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે. આ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે.

**આપની રેલીમાં ફરી વિપક્ષ એકજુટ**

આમ આદમી પાર્ટીએ દિલ્હીના જંતરમંતર ખાતે મહારેલીનુ આયોજન કર્યુ હતુ. ભાજપના સાંસદ શત્રુઘ્નસિંહા, પ. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, ચંદ્રાબાબુ નાયડુ જેવા નેતાઓ તેમાં સામેલ થયા હતા.

**અબુધાબીમાં હિન્દીને ત્રીજી ભાષા તરીકે માન્યતા**

અબુધાબી ન્યાયિક વિભાગે અરબી અને અંગ્રેજીની સાથોસાથ હિન્દીને ત્રીજી અધિકારીક ભાષા તરીકે માન્યતા આપી છે. અહીંની કોર્ટોમાં હવે હિન્દીમાં પણ કામ થશે. અહીંની વસતીમાં ૩૮ ટકા ભારતીયો છે.

**મહાનદળના નેતા કોંગ્રેસમાં સામેલ**

પ્રિયંકા ગાંધીની કોંગ્રેસમાં એન્ટ્રી સાથે જ કાર્યકરોમાં ભારે જોશ જોવા મળી રહ્યો છે. ઉત્તરપ્રદેશના મહાન દળના નેતા કેશવ દેવ મૌર્ય કોંગ્રેસમાં સામેલ થયા છે.

# વિશ્વમાં ભારતનો ડંકો : મોદી

## ૧૬મી લોકસભામાં વડાપ્રધાન મોદીએ અંતિમ ભાષણ આપ્યું : ભાષણ દરમિયાન મલ્લિકાર્જુન ખડગે અને મુલાયમની ખાસ પ્રશંસા : ભારત તમામના સહકારથી છઠ્ઠા નંબરનું અર્થતંત્ર : ૨૧૯ પૈકીના ૨૦૩ બિલ પાસ

નવીદિલ્હી, તા. ૧૩

૧૬મી લોકસભાના આજે છેલ્લા દિવસે વડાપ્રધાન મોદીએ લોકસભામાં અંતિમ ભાષણ આપ્યું હતું. આ ગાળા દરમિયાન મોદીએ સાંસદો અને સંસદમાં કરવામાં આવેલા કામોનો પણ ઉલ્લેખ કર્યો હતો. વડાપ્રધાને હળવા અંદાજમાં વિપક્ષની ઝાટકણી પણ કાઢી હતી. કેટલાક સાંસદોની પ્રશંસા પણ કરી હતી. વડાપ્રધાને પોતાના ભાષણમાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેની પ્રશંસા કરી હતી. સાથે સાથે રાહુલ ગાંધી પર પરોક્ષરીતે પ્રહાર કર્યા હતા. મોદીએ તમામ સાંસદોની સાથે મુલાયમસિંહ યાદવનો ખાસ આભાર પણ માન્યો હતો. મોદીએ ભાષણમાં કહ્યું હતું



કે, ૨૦૧૪માં તેઓ એવા સાંસદો પૈકી એક હતા જે પ્રથમ વખત ચૂંટાઈને આવ્યા હતા. તેઓ અહીં બિલકુલ નવા હતા. આશરે ત્રણ દશક બાદ પૂર્ણ બહુમતિવાળી અને સ્વતંત્રતા બાદ પ્રથમ વખત પૂર્ણ બહુમતિવાળી બિન કોંગ્રેસી સરકારે ૨૦૧૪માં બની હતી. ૨૦૧૪ બાદ આઠ સત્ર એવા હતા જેમાં ૧૦૦ ટકાથી વધુ કામ થયું હતું. ૧૬મી લોકસભામાં અમે ગર્વ કરી શકીએ છીએ કે, દેશમાં પ્રથમ વખત સૌથી વધુ મહિલાઓ ચૂંટાઈને આવી હતી. દેશમાં પ્રથમ વખત આ સરકારમાં સૌથી વધારે મહિલા મંત્રીઓ હતી. મોદીએ રાહુલ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, અમે ક્યારે ક્યારેક સાંભળતા હતા કે, ભૂકંપ આવશે પરંતુ પાંચ વર્ષમાં ક્યારેય ભૂકંપ આવ્યા ન હતા. કેટલાક મોટા નેતાઓએ વિમાનો ઉડાવ્યા હતા પરંતુ લોકશાહીની તાકાત છે કે, કોઈપણ ભૂકંપ અને વિમાન પણ તે ઉંચાઈને સ્પર્શ કરી શક્યા નથી. મોદીએ કહ્યું હતું કે, તેઓ પ્રથમ વખત અહીં આવ્યા ત્યારે તેમના માટે ઘણી ચીજો નવી હતી. તેમણે પ્રથમ વખત આ અંગેની માહિતી મળી કે, ગળે મળવા અને ગળે પડવામાં શું અંતર છે. પ્રથમ વખત તેઓએ આંખની ગુસ્તાખીઓને પણ નિહાળી હતી. ભાષણમાં મોદીએ ટીડીપીના સાંસદની વેષભૂસાનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ લોકસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેની પ્રશંસા કરી હતી. તેમણે

● અનુસંધાન પાના - ૭ પર

### મોદી ફરી વડાપ્રધાન બને તેવી શુભેચ્છા : મુલાયમ

સમાજવાદી પાર્ટીના સંરક્ષક અને લોકસભા સાંસદ મુલાયમસિંહ યાદવે આજે લોકસભામાં કહ્યું હતું કે, તેમની એવી કામના છે કે, નરેન્દ્ર મોદી ફરી એકવાર દેશના વડાપ્રધાન બને. મુલાયમે પોતાની પાર્ટી અને વિપક્ષની તરફ ઈશારો કરતા કહ્યું હતું કે, અમે લોકો આટલી બહુમતિ લાવવાની સ્થિતિમાં નથી. આવ સ્થિતિમાં મોદી ફરીથી દેશના વડાપ્રધાન બને તેવી કામના છે. મોદીએ તમામની સાથે મળીને કામ કર્યું છે. મુલાયમે તમામ સભ્યોને શુભેચ્છા પણ પાઠવી હતી. મુલાયમ જ્યારે નિવેદન કરી રહ્યા હતા ત્યારે મોદીએ હાથ જોડીને આભાર વ્યક્ત કર્યો હતો. મુલાયમસિંહ યાદવના નિવેદન ઉપર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, તેઓ આની સાથે અસહમત છે.

# યૂપીએ કરતાં એનડીએ સરકારની રાફેલ ડીલ ૨.૮૬ ટકા સસ્તી : કેગ

## કેન્દ્ર સરકારે રાફેલ ડીલ અંગે રાજ્યસભામાં કેગનો રિપોર્ટ રજૂ કર્યો

નવીદિલ્હી, તા. ૧૩

રાફેલ ડિલ ઉપર જારી રાજકીય ઘમસાણની સ્થિતિ વચ્ચે આજે કેગનો અહેવાલ રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટના કહેવા મુજબ યુપીએના ગાળાની સરખામણીમાં એનડીએના શાસનકાળમાં ૨.૮૬ ટકા સસ્તામાં આ ડિલ થઈ છે. કેગના રિપોર્ટ મુજબ ૧૮૬ વિમાનોની સરખામણીમાં ભારતે ૩૬ રાફેલ કોન્ટ્રાક્ટમાં ૧૭.૦૮ ટકા પૈસા બચાવ્યા છે. મોદી સરકારના સમયમાં ૩૬ રાફેલ યુદ્ધ વિમાનોની ખરીદીનો સોદો થયો હતો. આનાથી પહેલા યુપીએના સમયગાળામાં ૧૨૬ રાફેલ વિમાનોનો સોદો થયો હતો. તે પહેલા અનેક શરતો પર સર્વસંમતિ થઈ શકી ન હતી. રિપોર્ટમાં ૨૦૦૭થી લઈને ૨૦૧૫ની બોલીની સરખામણીનું મુલ્યાંકન કરવામાં આવ્યું હતું. આમા કિંમતોને લઈને પણ વાત કરવામાં આવી છે. ૨૦૧૫માં કરાર પર હસ્તાક્ષર કરવામાં આવવાની જરૂર હતી. ૨૦૧૬માં યુ મિલિયન યુરો માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જો કે, કોંગ્રેસ પાર્ટીએ કેગના રિપોર્ટને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા જેના કારણે ધાંધલ ધમાલ થઈ હતી. ૧૪૧ પાનાનો આ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા બાદ રાજ્યસભામાં હોબાળો શરૂ થયો હતો જેના કારણે ગૃહની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી મોકૂફ કરવામાં આવી હતી. લોકસભામાં પણ ટીડીપી અને ટીએમસીના સભ્યોએ હોબાળો મચાવ્યો હતો જેથી કામગીરી થઈ શકી ન હતી. રાફેલ ડિલને લઈને આજે છેલ્લા દિવસે કોંગ્રેસના સાંસદોએ સંસદ સંકુલમાં દેખાવો કર્યા હતા. આ ગાળા દરમિયાન સાંસદોએ ચોકીદાર ચોર હૈના નારા લગાવ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન સોનિયા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલા મિડિયા રિપોર્ટમાં રજૂ કરવામાં આવેલા અહેવાલને ટાંકીને રાહુલે મોદી ઉપર પ્રહાર કર્યા હતા. દ હિન્દુ અખબારે હાલમાં જ રિપોર્ટ પ્રકાશિત કર્યા હતા જેમાં કેટલીક બાબતોનો

● અનુસંધાન પાના - ૭ પર

### કેગ રિપોર્ટના મુખ્ય અંશો...

- કેગના ૧૪૧ પાનાના રિપોર્ટને સંસદમાં ઉપરી ગૃહ રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યો છે જેમાં કેગે તુલનાત્મકરીતે મુલ્યાંકન કર્યું છે. કેગે સંરક્ષણ મંત્રાલયના એવા તર્કને ફગાવી દીધું છે જેમાં કહેવામાં આવ્યું હતું કે, ૨૦૧૬માં રાફેલ વિમાનોની સોદાબાજી ૨૦૦૭ના પ્રસ્તાવની તુલનામાં નવ ટકા સસ્તી હતી
- કેગના રિપોર્ટ મુજબ ભારત અને ફ્રાંસ વચ્ચે થયેલી રાફેલ ડિલ પહેલાની સરખામણીમાં ૨.૮૬ ટકા સસ્તી રહી છે
- વધુ સારી શરતો અને મૂલ્યોની સાથે ભારત અને ફ્રાંસ વચ્ચે ૩૬ રાફેલ યુદ્ધ વિમાનોની ખરીદી માટે સહમતિ થઈ હતી. આ ડિલમાં મેક ઈન ઈન્ડિયા અભિયાનને સમર્થન આપવા માટે ઓફસેટ મેળવવાની બાબત પણ સામેલ હતી
- કેગ રિપોર્ટમાં ૨૦૦૭ના ટેન્ડર અને ૨૦૧૬ના કરારને ટેબલ પર દર્શાવવામાં આવ્યો છે અને આ પહેલાની સરખામણીમાં સસ્તો સોદો હોવાનો દાવો કરાયો છે. કેગ મુજબ જ ૨૦૦૭ના છેલ્લા પ્રસ્તાવમાં ૨૦૦ એવિએશને પરફોર્મન્સ એન્ડ ફાઈનાન્સિયલ વોરંટીની વાત કરી હતી જે કુલ રકમની ૨૫ ટકા રકમ હતી




### કુંભ ખાતે ભાજપ અધ્યક્ષ અમિત શાહની આસ્થાની ડુબકી

પ્રયાગરાજ, તા. ૧૩

કુંભ મેળામાં પ્રયાગ રાજ પહોંચેલા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ અમિત શાહે આજે પવિત્ર સંગમમાં ડુબકી લગાવી હતી. એક દિવસીય પ્રવાસ ઉપર પ્રયાગરાજ કુપના દર્શન કર્યા હતા.

એક દિવસના ગાળા દરમિયાન અમિત શાહ જુદા જુદા પવિત્ર સ્થળો ઉપર પહોંચ્યા હતા. અત્રે નોંધનીય છે કે, અમિત શાહની યાત્રા એવા



પહોંચેલા અમિત શાહની સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ પહોંચ્યા હતા. તેઓએ પણ ડુબકી લગાવી હતી. ભાજપ અધ્યક્ષ અમિત શાહ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે બપોરે પ્રયાગરાજ પહોંચ્યા હતા અને સંગમ નૌઝ ઉપર ત્રિવેણીમાં સાધુ સંતોની સાથે ડુબકી લગાવી હતી. અમિત શાહે આ પહેલા ગંગા આરતીમાં ભાગ લીધો હતો. અમિત શાહે આ ગાળા દરમિયાન અક્ષય વડના વૃક્ષના દર્શન કર્યા હતા. મોટા હનુમાન તથા સરસ્વતી સમય પર થઈ રહી છે ત્યારે જુદા જુદા હિન્દુત્વ ગ્રુપ સરકારથી અયોધ્યામાં રામ મંદિર માટે કાનૂન બનાવવાની માંગ કરી રહ્યા છે. ભાજપ પ્રમુખ અમિત શાહ વારંવાર કહી રહ્યા છે કે, પાર્ટી મંદિર નિર્માણ માટે કટિબદ્ધ છે. મંદિર નિર્માણ અને બાબરી મસ્જિદની જમીનનો મામલો સુપ્રીમ કોર્ટમાં છે. અમિત શાહના આજના આગમનથી મોદી ક્યારે પહોંચશે તે બાબત પણ નક્કી થશે. મોદી પાંચમી વખત ઉત્તરપ્રદેશ પહોંચનાર છે.

### પ્રિયંકા ગાંધીની કોંગ્રેસી કાર્યકરો સાથે બેઠક

કોંગ્રેસના જનરલ સેક્રેટરી પ્રિયંકા ગાંધી વાઢેરા આજે અમેઠીના પાર્ટી કાર્યકરો સાથે મિટિંગ કરવા પહોંચ્યા હતા. તેમના ભાઈ અને પાર્ટી પ્રમુખ રાહુલ ગાંધી જે બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે તે સંસદીય બેઠક અમેઠીના કાર્યકરો સાથે પ્રિયંકા ગાંધીએ બેઠક યોજી હતી. લખનૌમાં પાર્ટી હેડક્વાર્ટર ખાતે આ બેઠક યોજાઈ હતી. પાર્ટીના કાર્યકરો સાથે આ લાંબી બેઠક ચાલી હતી. યૂથ કોંગ્રેસના પૂર્વ જનરલ સેક્રેટરી અશોક સિંહે કહ્યું હતું કે, પ્રિયંકા ગાંધી પાર્ટીના વર્કરો સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ રાજ્યમાં પાર્ટીને કઈરીતે મજબૂત કરી શકાય છે.

**Uber Ola Cab**

ઉબેર ઓલા કેબમાં આપનું ટુ-વ્હીલરલ કે રીક્ષા ગાંધીનગર વિસ્તારમાં જોડાવા માટે સંપર્ક કરો.

Mo. : 7990780058

(અર્જુન જોષી)










